# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વલોવી વમળ પેટનાં કરાવશે યોગ!
હાથે ને પગે નાખી આંટી કરાવશે, યોગ!
યોગથી નિશ્ચિત 'આસન' ખૂદનું -
વિશ્વને ઉંધું-ચત્તુ કરી કરાવશે યોગ!

## હાઈકુ

ભરે પગલાં,
હિંદુત્વ પ્રતિ, એની
પૂરે છે 'સાક્ષી'
(તણખીયાં નિવેદનો)

ફૂટે બંદૂક
ગુજરાત ને ખંભે -
મુસાભાઇનાં..
(વા ને પાણી, કેન્દ્રનાં)

## ચિંતન

**અરણ્ય રૂદિતં કૃતં શવ શરીર મુદ્ધર્તિતં સ્થલે અબ્જમવરોપિતં સુચિર મૂષરે વર્ષિતમ્ ।**
**શ્વપુચ્છમ વનામિતં બધિર કર્ણ જાપઃ કૃતો ધૃતો અન્ધ મુખ દર્પણો યદબુધો જન સેવિતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'કુપંડિતનિંદા'નો આ શ્લોક છે.

જે મૂર્ખ માણસની સેવા-સહવાસ રહે છે એ તદ્દન નિરર્થક જ થાય છે. એવા દૃષ્ટાંત આપવામાં આવ્યાં છે :

મૂર્ખની સેવાનું પરિણામ અરણ્યમાં - જંગલમાં એકાંતમાં રૂદન કરવા જેવું છે.
- શબ-મૃતદેહને સુવાસિત દ્રવ્યોથી સુગંધિત કરવા બરાબર છે.
- જમીન પર જળ-કમળ રોપવા સમાન છે.
- વેરાન રણમાં વરસતા વરસાદ જેવું છે.
- કૂતરાની પૂંછડી સીધી કરવાના પ્રયત્ન જેવું છે.
- બહેરાના કાનમાં જાપ-મંત્રો સંભળાવવા જેવું છે.
- પ્રજ્ઞાચક્ષુને મુખ જોવા માટે દર્પણ બતાવવા જેવું છે
- આ પ્રમાણે મુર્ખની સાથે સંવાદ સહવાસ-તેની સેવા-ચાકરીનો કોઇ અર્થ નથી.

## સુવિચાર

- જ્ઞાની છે છતાં જ્ઞાનને સમજયો જ નથી, વેદો કે કુરઆન ને સમજયો નથી, ઇશ્વરનાં પરિચયની તો વાત જ કયાં છે? ઇન્સાન ખુદ ઇન્સાનને સમજયો જ નથી - **મુસાફિર પાલનપુરી**
- વ્યક્તિની દરેક ખાનગી વાતમાં પાપ અથવા અપરાધભાવનો અંશ રહેલો હોય છે - **મુનિ જીવચંદ્રવિજયજી**
- તકની બારી ખૂલી જાય ત્યારે એના ઉપર પડદો ન નાંખશો - **ચીની કહેવત**
- સફળ અને સમૃદ્ધ ઉદ્યોગપતિ થવું હોય ચોરી ન કરો, યુક્તિ લડાવો - **રોક ફેલર**
- નકલ કરવી એ હંમેશા ખરાબ નથી, જે વસ્તુ કરવાથી કંઇક શીખવાનું મળે તેની નકલ કરવી સારી - **અમૃતબિંદુ**
- શત્રુ અને પ્રતિદ્વંદ્વીમાં ફરક છે, પ્રતિદ્વંદ્વી એ છે જેને તમે પરાસ્ત કરવા ઇચ્છો છો, શત્રુ એ છે જેને તમે બરાબર કરવા ઇચ્છો છો - **ચંદ્રકાન્ત બક્ષી**
- સફળ નેતૃત્વની વ્યાખ્યા ગુણો દ્વારા નહીં, પરંતુ નક્કર પરિણામ દ્વારા નક્કી થાય છે - **જહોન એફ. કેનેડી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

વેપાર-વ્યવહારમાં પણ સચ્ચાઇ-નિષ્ઠા સાથે પરોપકાર અને દયા-લાગણીનો ભાવ આવે ત્યારે એ વેપાર પણ ઇશ્વર-ભક્તિ જ થઇ જાય છે.

રાયચંદભાઇ મુંબઇમાં ઝવેરી બજારમાં સોનાચાંદી જેવા ઝવેરાતના વેપારી હતા. એકવાર લગ્નની સીઝનમાં કોઇ મોટા શેઠીયાને આપવા ઘણા ઝવેરાતની જરૂર પડી ત્યારે પોતાના મિત્ર જે જથ્થાબંધ ઝવેરાતની વેંચસાટ કરતા હતા તેની સાથે વેંચાણના કરાર કર્યા અને નક્કી કર્યું. આ તારીખે, એટલા વાગે અમૂકતમૂક રકમનું ઝવેરાત આજના ભાવે રાયચંદભાઇને પૂરું પાડવું' કરારપત્ર પર બંને સહી થઇ. સૂચી આપી રાયચંદભાઇ નિશ્ચિંત થઇ ગયા.

એક સપ્તાહમાં તો ભાવ આસમાને ચઢી ગયા. હવે જો એ ભાવે જો વેપારી બધું ઝવેરાત રાયચંદ ભાઇને આપે તો ફના થઇ ઘર વેંચવું પડે અને માલ મિલ્કત પણ વેંચવાં પડે! વેપારી ચિંતામાં ડૂબી ગયો.

નક્કી કરેલી તારીખે-સમયે તો રાયચંદભાઇ પેલો કરારપત્ર લઇ વેપારીની દૂકાને આવી ઊભા રહ્યા. વેપારીને તો પરસેવા છૂટ્યા. રાયચંદભાઇ કહે મને ચિંતા થતી હતી. વેપારી કહે ચિંતા ન કરો, બે દિવસમાં હું તમને બધુ ઝવેરાત આપી દઇશ, રાયચંદભાઇ કહે, મને તમારી ચિંતા થતી હતી. પેલો કરારપત્ર કાઢો - બે કરારપત્ર ભેગા કરી રાયચંદભાઇએ ફાડી નાખ્યા. સોદો રદ્દ બસ! વેપારી રડી એમને પગે પડ્યાં.

આ રાયચંદભાઇ એ જ 'શ્રીમદ્ રાજચંદ્ર'

Email - sureshchandrabhatt18@gmail.com

# વૃદ્ધાવસ્થામાં એકલા રહેતા દંપતીએ સાથે બેસી પરસ્પર એકબીજાના આનંદ અને દુ:ખ અંગે વાતચીત કરવી, પરસ્પર વાતચીત વધારવાથી એકલતા ઓછી લાગશે, એકબીજાની શારીરિક અશક્તિમાં અહં છોડી સંપૂર્ણ સાથી બનવું

## હું રસ્તે રઝળતી વારતા

અયના કમલેશ

● શરીર સાથ આપે ત્યાં સુધી પોતાનું કામ જાતે કરવું :

જયાં સુધી કરી શકાય તેવાં કામો દરેક વૃદ્ધે જાતે કરવાં. સંયુકત પરિવારમાં રહેતા વૃદ્ધો સામાન્ય રીતે એવી અપેક્ષા રાખતા થઈ જાય છે કે સંતાનો તેમનાં નાના-મોટાં કામ કરી આપે. સંતાનો તેમને કામ કરતાં અટકાવી આધારિત બનાવી દે છે. ચશ્મા જોઈતા હોય અને વૃદ્ધ ઊભા થાય તો કહે : કે પપ્પા-મમ્મી, તમે ઉભા ન થશો. હું લાવી આપું છું. અથવા તેના બાળકને કહે બેટા દાદા-દાદીને ચશ્મા આપ. દાદા-દાદીનું ધ્યાન તારે રાખવાનું હોય. આમ દરેક બાબતમાં કહી તેમને પાંગળા બનાવી દે છે. પછી કયારેક સંતાનો કામમાં વ્યસ્ત હોય ત્યારે વૃદ્ધો માંગે તો સંતાનો ઉડાઉ જવાબ આપી દે છે. તેથી વૃદ્ધોનું ગૌરવ હણાય છે. આવું ન બને તે માટે સંતાનોએ પણ વડીલોને પોતાના કામ જાતે જ કરવા દેવાં અને વડીલોને પણ એવું ન સમજવું કે અમારે અમારાં બધા કામ જાતે કરવા પડે છે. એક વખત અંગો કામ કરતાં બંધ થશે એટલે રોગનો પ્રવેશ શરૂ થશે. માટે સશક્ત રહેવું હોય તો પોતાના કામ જાતે કરવા.

પતિ-પત્ની એકલા રહેતા હોય તેવા કુટુંબમાં પતિ સામાન્ય રીતે ઘરમાં નાની-મોટી બાબતમાં પત્ની પર આધારિત રહેતા હોય છે. વૃદ્ધાવસ્થામાં બંને અશક્ત થઈ ગયા હોવા છતાં પતિ એવી અપેક્ષા રાખે છે. પત્ની તેમનાં બધાં જ નાના-મોટા કામ કરે જેથી દાંપત્યજીવનમાં ન જોઈ શકાય તેવી દરાર રહ્યા કરે છે. મારા પરિચિત એવા એક વૃદ્ધ દંપતીમાં પતિ-પત્નીનાં સંતાનો બહાર રહેતા હોવાથી દંપતી એક માળવાળા મકાનમાં એકલા રહે છે. પત્નીને ડાયાબિટીસ હોવાથી સુગર લેવલની વધ-ઘટથી વારંવાર ચક્કર આવવાની ફરિયાદ રહ્યા કરે. અશક્તિ જણાય વગેરે. આમ છતાં પતિ તેની નાની-નાની જરૂરિયાતો પત્ની પાસે જ પૂરી કરવાનો આગ્રહ રાખે. પત્ની સવારે ઉઠે એટલે નીચેથી છાપુ લાવી પતિને આપવાનું. પતિના ચશ્મા નીચે રહી ગયા હોય તો તરત જ પતિ બૂમ પાડે. મારા ચશ્મા આપી જજે. એટલે પત્નીએ ચશ્માં આપવા જવાનું. પત્ની ચા-નાસ્તો લાવે એટલે કહે કે, મારે આજે નાસ્તામાં પરોઠા નહીં ભાખરી ખાવી હતી અથવા તો ખાખરા કે બિસ્કીટ ખાવા છે. એટલે પત્ની ફરીથી તે લેવા નીચે જાય. દાંપત્યજીવનનાં આટલા વર્ષો બાદ પણ પતિ એ સમજી શકતો નથી કે હવે તો પત્ની પણ ઝડપથી રોગનો ભોગ બનવા લાગી છે. તેથી સશક્ત જીવન જીવવું હોય તો અત્યાર સુધી ન કર્યું હોય તો આજથી જ પોતાનાં થઈ શકે તેવા કામ જાતે કરવા અથવા તેમ કરવું શક્ય હોય જ નહીં તો કામ કરાવવાની વ્યવસ્થા વિચારવી અથવા તો વૃદ્ધાશ્રમ જેવી સંસ્થાઓમાં આશ્રય લઈ શકાય.

● સાથે બેસી પરસ્પર વાતચીત કરવી.

વૃદ્ધાવસ્થામાં એકલા રહેતા દંપતીએ સાથે બેસી પરસ્પર એકબીજાના આનંદ અને દુઃખ અંગે વાતચીત કરવી. પરસ્પર વાતચીત વધારવાથી એકલતા ઓછી લાગશે. એકબીજાની શારીરિક અશક્તિમાં અહં છોડી સંપૂર્ણ સાથી બનવું. આપણે ત્યાં કહેવત છે ને કે 'તુણ્ડે તુણ્ડે મતિ ર્ભિન્ના' વ્યક્તિએ વ્યક્તિએ મતભેદ તો હોય જ. તે પછી માતા-પુત્ર, માતા-પુત્રી હોય પિતા-પુત્ર હોય. સાસુ-વહુ હોય, પતિ-પત્ની હોય કે બે મિત્રો હોય... સાથે રહેતાં હોય એટલે હસવા-બોલવાના અને લડવા - ઝઘડવાના. એકબીજા પર આક્ષેપ તો ચાલ્યા જ કરે તેમ છતાં શાંતિની ક્ષણોમાં સાથે બેસી વાતચીત કરવાથી એકબીજાને હૂંફ અને લાગણી મળી રહે છે.

જો સંયુક્ત કુટુંબમાં રહેતા હોય તો સંતાનો સાથે મતભેદ થતાં પતિ-પત્ની એકબીજા પર દોષનો ટોપલો ઢોળતાં રહે છે. પતિ-પત્નીને કહે કે તે દીકરાને ચઢાવ્યો છે. પત્ની પતિને કહ્યા કરે કે હા, મારો જ વાંક કાઢવાનો. તમે જ તેને મોઢે ચઢાવતા હતા. આમ હોવા છતાં હવે જે દિવસો કાઢવાના છે તેમાં તમારે એકબીજાએ અગાઉનું ભૂલી આનંદ માણવાનો છે. સંતાનો સાથે બોલાચાલી થાય તો એકબીજાએ પરિસ્થિતિ સંભાળી લઈ શાંતિ જાળવવાની છે. સાથે બગીચામાં ફરવા જવું, મંદિર દર્શનાર્થે જવું જેથી કોઇ એકને કંઈ થાય તો બીજાએ પરિસ્થિતિ સંભાળી શકાય. પતિ-પત્ની આટલા વર્ષોમાં એકબીજાની ખામીઓ અને ખૂબીઓ સંપૂર્ણપણે જાણતાં હોવાથી ખામીઓ દૂર કરવાનો પ્રયત્ન કરવાનો અને ખૂબીઓ યાદ રાખી વધુ ને વધુ નજીક રહી જીવન આનંદ મેળવવાનો.

ગમે તેટલું અનુકૂલન સાધવાના પ્રયત્નો કરવા છતાં સંતાનો જો યોગ્ય દિશામાં ન હોય અને સાચી દિશામાં વાળી શકાય તેવી પરિસ્થિતિ ન જ હોય તો વૃદ્ધ દંપતીએ પરસ્પર સહકાર સાધી નાણાકીય ગોઠવણ કરી. કોઈ યોગ્ય વૃદ્ધાશ્રમ શોધી ત્યાં રહેવું જેથી જીવનમાં છેલ્લાં વર્ષો શાંતિથી જીવી શકાય. એવા પણ વૃદ્ધાશ્રમો છે કે જયાં જઈને તમે બે મહિના, છ મહિના કે આઠ મહિના રોકાઈ ઈચ્છા થાય ત્યારે પાછાં સંતાનો સાથે સંઘર્ષમાં ઊતરવા કે પછી જીવ બાળવા કરતા સંતાનો સાથે પ્રેમથી વાતચીત કરી આ પ્રકારની ગોઠવણ કરી શકાય.

એવું પણ બને કે કોઈ એક પાત્ર વૃદ્ધ થવા છતાં તેની માનસિકતા બદલવા તૈયાર ન થાય ત્યારે બીજા પાત્રે પણ સહન કરવું પડે છે. એક વૃદ્ધાશ્રમની મુલાકાત વખતે એક બહેનને પુછ્યું કે તમે શા માટે વૃદ્ધાશ્રમમાં આવ્યા... તો કહે કે મારા પતિનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો... છોકરાઓ પર સતત ખિજાયા જ કરે તેથી અમે બંને અહીં રહેવા આવી ગયા. અહીં પણ મેનેજર સાથે માથાકૂટ કરી કયાંક ચાલ્યાં ગયા છે.

અન્ય એક વૃદ્ધાશ્રમમાં તેનાથી અલગ સ્થિતિ હતી. મેં પુછ્યું કે તમે અહીં શા કારણથી આવ્યા છો તો વૃદ્ધે જણાવ્યું કે બહેન માત્રો પુત્ર દારૂ પીએ. કમાય તેના કરતાં વધારે ખર્ચ કરે. મારે કયાં સુધી તેનું પોષણ કરવું! પુત્રવધુને રોજ મારીને પૈસા લઈ લે તે પણ ઘર છોડને જતી રહી. એક દિવસ ગુસ્સામાં મેં માર્યો તેથી મારી પત્નીએ મને બેસાડી. શાંતિથી સમજાવ્યો કે તમે તેને મારી નાખશો તો આ ઉંમરે જેલમાં જશો તેના કરતાં તમે વૃદ્ધાશ્રમમાં ચાલ્યા જાઓ. મારી ચિંતા ન કરશો. મને એવું લાગશે તો હું પણ ત્યાં આવી જઈશ. આમ પરસ્પર સાથે બેસી પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય કયારેક કદાચ ઉકેલ ન પણ આવે તો પણ હળવા તો જરૂરથી કરી શકાય.

● કુટુંબની આર્થિક પરિસ્થિતિને અનુરૂપ વર્તવું.

આર્થિક રીતે સદ્ધર ન હોય તેવાં કુટુંબના વૃદ્ધોની પરિસ્થિતિ અત્યંત કરૂણામય હોય છે. સંતાનોની આવક ઓછી હોય તેવાં વૃદ્ધો પોતાના રોગ કે દર્દ વિશે સંતાનોને કહેતા નથી. વૃદ્ધોએ તેવું ન કરતાં સરકારી હોસ્પિટલમાં રોગની સારવાર કરાવવી. જેથી સંતાનોને ખર્ચ ઓછો થાય અને પોતાની તબિયત પણ સંભાળી શકાય. એક વૃદ્ધ દંપતીનો પુત્ર દરજીકામ કરે છે. પુત્રવધુ અને બે સંતાન એટલે છ સભ્યોનું કુટુંબ, કમાનાર પુત્ર એકલો તેથી સ્વાભાવિક રીતે જ નાણાંભીડ હોય, સંતાનોની શાળાની ફી પણ ભરી ન શકાય. તેથી પુત્રવધુ બીજાના ઘરનાં કામ કરી ફી માટેનાં પૈસા કમાઈ લાવે. ઘરખર્ચમાં પણ કાપ મૂકવો પડે. વૃદ્ધ દંપતીને જમવામાં ચાર-ચાર રોટલી મળે. પુત્રને છ રોટલી મળે. વહુ પણ ચાર રોટલી ખાય. વૃદ્ધ દંપતીને ભૂખ લાગે એટલે બાએ કહ્યું કે વહુ કામ કરવા જાય પછી ગાજ-બટન કરવાના જે કંઈ વધારાના પૈસા મને કોઈ આપે તો હું છાના-માના મારી પાસે રાખું. વહુ ન હોય ત્યારે તેમાંથી ખાવાનું લઈ ખાઈ લઈએ આવા વખતે કોઈનોય દોષ કાઢી ન શકાય. પુત્રવધુ આર્થિક પ્રશ્નોને લીધે આવું કરે અને વૃદ્ધ દંપતી ભૂખ સંતોષવા આવું કરવું હતું.

● વ્યસનથી દૂર રહેવું.

કેટલાક વૃદ્ધોને બીડી, સિગારેટ, તમાકુ, પાન-મસાલા વગેરે જેવાં વ્યસનો હોય છે. આવા વ્યસનોથી દૂર રહો. કેટલીક વખત આવાં વ્યસનો જ તમારાં દુશ્મન બની જતાં હોય છે. વ્યસનને કારણે આરોગ્ય તો બગડે જ છે. સાથે-સાથે નાનાં બાળકો પર પણ તેની ખરાબ અસર થાય છે. કેટલાંક વૃદ્ધો ઘરમાં જ બીડી કે સિગારેટ પીતા હોય છે. ત્યારે ઘરમાં રહેલ પુત્રવધુ અને બાળકો ને તે પસંદ ન હોય તો તેને વૃદ્ધો પ્રત્યે તિરસ્કાર જન્મે છે. વૃદ્ધો તેમની વ્યસનની જીદ છોડવા તૈયાર હોતા નથી. તેથી વધારે મુશ્કેલીમાં મૂકાય છે. શક્ય હોય તો કોઈ પણ વ્યસન હોય તો છોડી દો અને ન છૂટી શકે તો ઘરની બહાર જઈ બીડી કે સિગારેટ પીવી જોઈએ. તેનાં પુત્ર-પુત્રવધૂને ન ગમે એટલે ગેલેરીમાં હીંચકા પર બેસીને પીએ જેથી વાસ ત્મારા ઘરની ગેલેરીમાં પણ આવે. મને અને મારાં સંતાનોને પણ એ ન ગમે. આમ તમે તમારા ઘરમાં તો અળખા થાઓ જ છો સાથે સાથે પડોશીના મનમાં પણ તમારા પ્રત્યે નફરત પેદા કરો છો.

● ઉત્સવો અને પ્રસંગોનો આનંદ માણવો

કોઈ પણ ખુશી કે આનંદનો ઉત્સવ કે પ્રસંગ હોય ત્યારે વૃદ્ધો યુવાનો અને બાળકોને એવું કહેતા સાંભળવા મળે છે કે હવે અમે વૃદ્ધ થયા એટલે તમે ઉત્સવ કે પ્રસંગમાં જાવ. મુવી જોવા જવાનું હોય તો પણ વૃદ્ધ દાદા-દાદીને વાસ્તવમાં દાદા-દાદીની ટિકીટ પહેલાં લેવી જોઈએ કારણ કે આપણો સમાજ વૃદ્ધો પ્રત્યે કરૂણા કે લાગણી તો બહુ બતાવે પણ એને આનંદ કે ખુશી માણવાની તકોથી વંચિત રાખે છે. કોઈ વૃદ્ધ સારાં કપડાં પહેરે તો તુરંત જ કોઈ ટિપ્પણી કરી કે, ઘરડી ઘોડી ને લાલ લગામ. યુવાનીમાં વ્યક્તિ જવાબદારી ને કારણે જ શોખ પૂર્ણ કરી ન શક્યા તો દરેક શોખ પૂર્ણ કરવાનો સુવર્ણ સમય ઈશ્વરે આપ્યો છે. તેથી દરેક વૃદ્ધે સમય પસાર કરવા મુવી જોવા જવું. તૈયાર થઈને ફરવા જવાની પણ તક મળી છે તો શરીર સાથ આપે ત્યાં સુધી રોજ બહાર ફરવા જવું. નવરાત્રિમાં ગરબા લેવા. નાચવું, ગાવું, હરવું, ફરવું, મોજ-મજા કરવી. એ બધા જ અધિકાર માનવીને છે તો વૃદ્ધોને આપણે શા માટે બાકાત રાખીએ તે વાત મારે ગળે ઉતરતી નથી. માટે દરેક ઉત્સવ અને પ્રસંગોનો આનંદ વૃદ્ધોએ માણવો જેથી જીવન ખુશખુશાલ રહે. હોળીએ રંગોથી રમવું. દિવાળીએ ફટાકડા ફોડવા વગેરે...

# શબ્દોના જાદુગરની બાળસહજ કલ્પનામય હાઉકલી જેવી કવિતાઓ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

બાળકોને ગીત ગાવાની ખૂબ જ મજા પડતી હોય છે. ગીત ગાતાં ખુશખુશાલ બાળકોને જોઇને આપણને પણ તેની સાથે ગાવાનું મન થઇ જાય. પરંતુ આજકાલ એવા સરસ બાળગીતો કે બાળકાવ્યો મળે કયાંથી એ પ્રશ્ન સૌને સતાવે છે. ત્યારે ચોકલેટના ઝાડ પર કવિતાનાં ફળ લટકાવતા કોઇ જાદુગર કવિની કવિતાઓ મળે તો કેવું?

હાં, મારે આજે તમને એવા એક શબ્દોના જાદુગરે રચેલ બાળ કાવ્યોના સંગ્રહની વાત કરવી છે. કવિને પહેલાંના તોફાનો, તળાવની પાળ, વડલાની ડાળ, મદારીના ખેલ, પહેલા વરસાદે નહાતો, દોડતો નગ્ન વૈભવ, શાળાથી છૂટ્યાનો આનંદ, અલગારી રખડપટ્ટી, દેશી રમતો, કિટ્ટા-બુચ્ચાં ને એવું બધું જે ગમતું તેની સ્મૃતિઓને સાચવીને આજના 'ભણતરનો ભાર' વેંઢારતાં બાળકો જે ફિલ્મો, કાર્ટૂનો અને હોમવર્કમાં બાળપણના કિંમતી સમયને ખોઇ રહ્યાં છે. તેમના માટે ઘડીભર મજા પડી જાય તેવાં સુંદર કાવ્યો લઇને આ કવિ આવ્યા છે.




'હું હોઉં જો જાદુગર' કાવ્ય સંગ્રહમાંથી પસાર થતાં આપણને કુલ-33 સુંદર મજામાં બાળકાવ્યો મળે છે. જેમાં પ્રારંભે 'દે વિદ્યાનું દાન' માં સરસ્વતીની પ્રાર્થના બાળસહજ રીતે રજૂ થઇ છે. શિયાળની નિશાળમાં તોફાની પશુઓને બાળકોની જેમ ભણવા બેસાડતાં શાળાની જેમ ઉભા થયેલા પ્રશ્નોને બહુ રમુજી રીતે આલેખવામાં આવ્યા છે. જૂઓ આ પંક્તિ કેવી સરસ છે.

નાકે મોટાં ચશ્મા ચઢાવી, હાથમા લઇને સોટી,
જંગલના રાજાને શીખવ્યું, રકમ લખી તમે ખોટી.

સંગ્રહના દરેક કાવ્યમાં ઢાળ અને લય બદલાયેલાં આપણે જોઇ શકીએ છીએ. એ જ રીતે વિષયોનું વૈવિધ્ય પણ જાળવવાનો કવિએ સભાન પ્રયત્ન કર્યો છે. તળાવની પાળે ઉભેલા 'વડલાદાદા'ની વાત અહીં છે તો 'કીડીની ટેક' માં શ્રદ્ધાળુ અને અડગ મનવાળી કીડીની વાત પણ આવે છે. એકડાની વાત કરતાં કરતાં કવિ બાળકોને અંકનું જ્ઞાન બહુ સરસ રીતે કેમ અપાય તે બતાવે છે જેમ કે -

'એક દિવસ એકડો, બગડાને બોલ્યો
કે તગડાએ તાલ કર્યો જબરો'

તો વળી આજકાલ મોબાઇલ ફોનના જમાનામાં ટપાલ લખવાની વાત વિસરાઇ રહી છે ત્યારે કવિ બાળમુખે કંઇક આમ કહે છે.

'પપ્પા મેં તો મારા નામે લખી છે ટપાલ,
આજ કરી છે પોસ્ટ એ તો મળશે મને કાલ.'

તો 'કોણ' રચનામાં બાળ સહજ પ્રશ્નોની હારમાળા સર્જી છે.

'કલરવ કરતાં પંખીઓને, કોણ ઉડાડે પાંખે?
ઝાડ પાન, માણસ જીવતાં, આ દુનિયા કોણે ચલાવે?'

તો વળી વાદળની કલ્પના પણ કવિએ કેવી સરસ કરી છે.

'વાદળનો વાટકો એવો તે કેવો,
કે ગરજે-વરસે ને તોય એવો ને એવો.'

'હું હોઉં જો જાદુગર' કાવ્યમાં કલ્પનો કવિના હૈયામાં આજે પણ જાગતા બાળ સહજ કુતૂહલનો પુરાવો પુરો પાડો છે. જો કે આવું એક ફિલ્મી ગીત સાંભળ્યાનું પણ સ્મરણ આ કાવ્યને વાંચતા થયા વિના રહેતું નથી. છતાં કવિની રજૂઆત અહીં આગવી છે. જેમ કે -

ચોકલેટના ઝાડ ઉગાડુ, કેરી લીમડે રાખુ,
બાળકોના ચહેરે હું તો રોજે આનંદ રાખું,
જાદુની છડી ઘુમાવી, હું દુનિયા આખી ફરું,
હું હોઉં જો જાદુગર....

કવિએ આ સંગ્રહમાં કેટલાંક રમુજ ભર્યા ગીતો પણ આપ્યાં છે. જેમાં અમથાજીનું ચિત્ર ખુબ સુંદર મને લાગ્યું છે.

અમથાજી રે અમથાજી
કયાં ચાલ્યા અમથાજી
પગમાં જોડાં અવળાં પહેરી
ફરવા ચાલ્યા અમતાજી.

તો વળી, ગ્રામ્ય જીવનમાં ડોકીયું કરાવતી કવિની આ રચના 'ખુલ્લાં ખેતરે દોડો' પણ આસ્વાદ્ય બનીને તેની બે પંક્તિઓ જુઓ.

'આસપાસમાં આભ ઝુક્યું. ત્યાં ધરતી કેવી ચૂમતી,
દોડા દોડી કરતાં વધારે, વેલી વાડે ઝૂમતી.'

આ કાવ્ય સંગ્રહમાં કેટલીય રચનાઓ ઉપદેશાત્મક અને પ્રાસંગિક પણ છે. જેમાં 'એવા માણસ થઇએ.' ગાંધી ગીતો ગાઇએ, ઝાડવા, ઝાડવા, બુદ્ધ જોઇએ, ભાષા મારી ગુજરાતી' તે ગણાવી શકાય.

'હું હોઉં જો જાદુગર' ડો. ધર્મેન્દ્ર પટેલનો પહેલો બાળ કાવ્ય સંગ્રહ છે. 'મારી વાત' શિર્ષકથી કવિએ આત્મ નિવેદન કર્યું છે. તેમાં તેમની કાવ્ય રચનાઓનાં પ્રસંગ અને વિવેચક એવા તેમના પિતા પ્રેમજીભાઇની પ્રેરણા મળ્યાની વાત લખી છે. કવિએ સંગ્રહ અર્પણ પણ તેમને જ કર્યો છે. આ કાવ્ય સંગ્રહને જાણીતા બાળસાહિત્યકાર નટવર પટેલની પ્રસ્તાવના મળી છે જે તેના મુલ્યને વધારે છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા બાળસાહિત્યને પ્રોત્સાહન પુરું પડાય છે. તેના પરિણામે બાળ સાહિત્યમાં રચાતી સુંદર રચનાઓ અનેક ભાવકો, વાંચકો અને બાળકો સુધી પહોંચી શકે છે. તે માટે સાહિત્ય અકાદમી પણ ધન્યવાદને પાત્ર છે.

**'હું હોઉં જો જાદુગર' (બાળકાવ્ય સંગ્રહ)**
**કવિ - ડો. ધર્મેન્દ્ર પટેલ**
**પ્રકાશક - અવનિકા પ્રકાશન**
**૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર**
**ચોથે માળ, જી.પી.ઓ. સામે, અમદાવાદ-૧**
**કિંમત - રૂા. ૪૫**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪**

# બૉસ, તમારી લાગણી કેમ નથી દુભાતી?

## રોહિતોપદેશ

- રોહિત શાહ

'નજીવા મેઘથી ખાબોચિયાં
છલકાય છે જલદી,
હળવા સૂરજના તાપથી ખાબોચિયાં
શોષાય છે જલદી!'

ખાબોચિયાની બિચારાની ઓકાત કેટલી?

વરસાદનું સાવ નાનુંઅમથું ઝાપટું પડે એટલામાં તો એ છલકાઇ જાય ને વાદળું સહેજ ખસે તથા સૂરજની આંખનો જરાક તાપ એના પર પડે એટલામાં તો બિચારું સુકાઇ જાય.

છલકાઇ જવું અને સુકાઇ જવું એ ખાબોચિયાની આઇન્ડેન્ટીટી છે. દરિયાને કદી છલકાઇ જતો જોયો? મહાસાગરને કદી શોષાઇ જતો સાંભળ્યો? છલોછલ હોય એને વળી છલકાવાનું શોભે ખરું? છલકાઇ તો એ જાય છે જે છીછરું છે.

અખબારોમાં કોઇ જલદ વિચારનો લેખ વાંચીને ઘણાં ખાબોચિયાં છલકાઇ જતાં હોય છે. એમની ધાર્મિક લાગણીઓ એવી છીછરી હોય છે કે તરત કિનારા છોડીને બહાર ધસી આવે છે. ખાબોચિયાં પાસે દેડકાંનો મબલક સ્ટોક હોય છે. દેડકાં તરત જ ડ્રાઉં ડ્રાઉં કરીને દેકારો મચાવી મૂકે.

ધોબી જેવો ધોબી ભગવાન રામની પત્ની સીતા સામે આક્ષેપ કરે તોયે રામની લાગણી ન દુભાઇ. સંગમ દ્વારા ભગવાન મહાવીર પર અનેક ઉપસર્ગો (ત્રાસ) થતાં છતાં તેમની લાગણી ન દુભાઇ, પરંતુ એ જ રામ એ જ મહાવીર વિશે જો કોઇ કડવું સત્ય ઉચ્ચારે તો તેમના ભક્તોની વેવલી લાગણી લોહીલુહાણ થઇ ઊઠે. કોઇ વ્યક્તિ આપણને ગમે તેટલી પ્રિય હોય કે આપણા માટે એ ગમે એટલી આદરણીય હોય તોયે તેની કોઇક વાંક સાથે આપણું અસંમત થવું સહજ જ ગણાય અને તેમની કોઇ વાત કે તેમની કોઇ વર્તણૂક સાથે આપણે અસંમત થઇએ એટલે આપણે થોડાં કાંઇ તેમનાં વિરોધી થઇ ગયાં ગણાઇએ?

જે સીતાની અગ્નિપરીક્ષા કરીને રામે અસ્વીકાર કર્યો તે જ સીતાને એક સામાન્ય ધોબી દ્વારા ટીકા થતાં રામે ત્યાગી દીધી હતી. રામને શું પોતે કરેલી અગ્નિપરીક્ષાયે ખોટી લાગી? રામને શું સીતા પર અશ્વિાસ હતો? તેમણે એવી ક્ષણે સીતાજીનો ત્યાગ કર્યો જે ક્ષણે કોઇ પણ પત્નીને પતિનાં સૌથી વધુ હૂંફ અને સ્નેહની જરૂર હોય. યસ, સીતાજી પ્રેગ્નન્ટ હતાં ત્યારે રામે તેમનો ત્યાગ કર્યો હતો - પેલા ત્રણ ટકાના ધોબીના વાહિયાત ટીકા સાંભળીને.

રામની ફેવર કરનારા એમ કહે છે : રામ માત્ર પતિ જ નહોતા, એક રાજા પણ હતા. રાજા હોવાના નાતે પ્રજાની લાગણીનો તેમને સ્વીકાર કરવો પડે. આપણને એવો પ્રશ્ન થાય કે એવી ક્ષણે રાજા તરીકે રાજીનામું આપી દઇને પત્નીનું રક્ષણ કરીને પતિધર્મ નિભાવવો ન જોઇએ? પત્ની કરતાં સત્તા મહત્ત્વની હતી? બીજી રીતે વિચારીએ તો એક રાજા તરીકે પણ રામ પેલા દુષ્ટ ધોબીને પનિશમેન્ટ કરી શક્યા હોત. ધોબીને કોઇની અંગત લાઇફની ટીકા કરવાનો વળી શો હક? એમાંય સાવ હબંગ ટીકા કરવાની? અફવાઓ ફેલાવનારને તો આકરી પનિશમેન્ટ કરવી જોઇએ! તટસ્થ રીતે નિષ્ઠાવાન વ્યક્તિએ આવી ક્ષણે એવો જ નિર્ણય લેવાનો હોય જેમાં કોઇને કશો અન્યાય ન થાય. સીતાજીને કયાં અપરાધની સજારૂપે પ્રેગ્નન્સીના સમયે વનમાં મૂકી આવવાની આજ્ઞા અપાઇ? એમાં ન તો પતિનું ગૌરવ વધે એમ હતું કે ન તો રાજાની પ્રતિષ્ઠાને ગૌરવ મળે એમ હતું. ખરું કારણ શું હશે? રામ (જ) જાણે.

ભગવાન મહાવીર પણ શરૂઆતમાં તો દેવાનંદાના ગર્ભમાં હતા, પછી તેમને ત્રિશલા માતાના ગર્ભમાં વિધાઉટ એની ઓપરેશન ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા. કેમ? કારણ કે તીર્થંકરને જન્મ આપવાનો અધિકાર માત્ર ક્ષત્રિયાણીને જ હોય. જો આવા અતાર્કિક અધિકારની વાત સ્વીકારી લઇએ તો પણ એક પ્રશ્ન તો ઉદ્ભવે છે જ કે જે પરમ (દિવ્ય) શક્તિ એવા સ્ત્રીના ગર્ભમાંથી બાળકને કશીયે સર્જરી વગર બીજી સ્ત્રીના ગર્ભમાં મૂકી દેવાનું સામર્થ્ય ધરાવતી હોય એ શક્તિ ગર્ભને પહેલાં ખોટી જગાએ મૂકવા જેવી હંબગ ભૂલો કરી બેસે ખરી?

પણ અધ્યાત્મજગતમાં સવાલો કરવાનો કયાં કોઇને હક મળે છે? ડોકાં હલાવીને અતાર્કિક વાતોના ગપગોળા તમે સ્વીકારી લો તો તમે આસ્તિક અને સવાલો કરો તો તમે નાસ્તિક! શું આવી આજ્ઞા રામ અને મહાવીરે કરી છે? આવા સવાલો સાંભળીને તમારી કોઇની લાગણી ન દુભાય તો નો પ્રોબ્લેમ.